For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

માંડવીની મધ્ય કમાનમાંથી પાલકી પસાર થતાં ૨૧૬ વર્ષ જૂની પરંપરા અખંડ રહી

જય વિઠ્ઠલનાથના નાદ સાથે ૨૧૭મો વરઘોડો ભક્તિભાવપૂર્વક નીકળ્યો

રાજવી પરિવારના પૂજન-અર્ચન બાદ માંડવીની વચલી કમાનમાંથી પાલખી પસાર થઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

દેવઉઠી એકાદશીના પાવન અવસરે માંડવી પાસે આવેલા શ્રી વિઠ્ઠલનાથજી મંદિરમાંથી ભગવાન વિઠ્ઠલનાથજીનો ઐતિહાસિક 217મો વરઘોડો રાજવી પરિવારના પૂજન-અર્ચન બાદ આન-બાન અને શાન સાથે ધામધૂમથી નીકળ્યો હતો. છેલ્લા 216 વર્ષથી ચાલી આવતી આ પરંપરા સતત 217મા વર્ષે પણ જળવાઈ રહી હતી અને મોટી સંખ્યામાં ભક્તો વરઘોડામાં જોડાયા હતા.

વરઘોડો મંદિરમાંથી નીકળે ત્યારે માંડવીની વચલી કમાનમાંથી પસાર થાય તેવી પરંપરા રહી છે, જે આ વર્ષે પણ અખંડ રહી છે. માંડવીનું રિસ્ટોરેશન કાર્ય ચાલી રહ્યું હોવાથી પાલખી નીકળી શકે તેમ ન હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ મામલે લગાતાર મહાનગરપાલિકા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી અને વિસ્તારના કોર્પોરેટરોએ પણ મેયરને રજૂઆત કરી હતી. સૌના સહિયારા પ્રયાસોથી આ પરંપરા જળવાઈ રહી હોવાનું જણાવી મહાનગરપાલિકા, હેરિટેજ વિભાગ અને સ્થાનિક કોર્પોરેટરોનો આભાર વ્યક્ત કરાયો હતો. રાજવી પરિવારના પૂજન-અર્ચન બાદ ભગવાન વિઠ્ઠલનાથજીને પાલકીમાં બિરાજમાન કરી વરઘોડો માંડવી, એમ.જી. રોડ, લહેરીપુરા, ન્યાયમંદિર, પ્રતાપ ટોકીઝ, અમદાવાદી પોળ, રાવપુરા, કોઠી અને આરાધના ટોકીઝ થઈને મહાદેવ મંદિર ખાતે પહોંચ્યો હતો. વરઘોડો બપોરે 1:30 વાગ્યે મહાદેવ મંદિરે પહોંચ્યા બાદ લગ્નની વિધિ બાદ બપોરે 2:00 વાગ્યે પરત નીકળી નાગરવાડા, ઘીકાંટા રોડ, અમદાવાદી પોળ, જ્યુબિલીબાગ, પ્રતાપ ટોકીઝ અને ન્યાયમંદિર થઈને સાંજે 5:00 વાગ્યે નિજ મંદિરમાં પરત ફરશે. રાત્રે 9:00 થી 11:00 વાગ્યા દરમિયાન ભગવાનના તુલસીજી સાથે શાસ્ત્રોક્ત વિધિથી તુલસી વિવાહ યોજાશે અને રાત્રે 11:00 થી 12:00 વાગ્યા સુધી ભક્તોને ચાલ્લા કરવા દેવામાં આવશે. આ પ્રસંગે વરઘોડા અને તુલસી વિવાહમાં જોડાવા ભક્તોને હાર્દિક આમંત્રણ અપાયું હતું. સાથે જ પોલીસ વિભાગના બંદોબસ્ત, ટ્રાફિક વિભાગની વ્યવસ્થા, મહાનગરપાલિકાના વોર્ડ અધિકારીઓ દ્વારા રખાયેલી સ્વચ્છતા તેમજ માંડવીના રિસ્ટોરેશન અને પરંપરાગત વરઘોડાના મુદ્દે પણ આભાર માનવામાં આવ્યો હતો.





દેવઉઠી એકાદશીના પાવન અવસરે વડોદરાના શ્રી વિઠ્ઠલનાથજી મંદિરેથી ભગવાનનો 217મો ઐતિહાસિક વરઘોડો ભક્તિભાવપૂર્વક નીકળ્યો હતો. રાજવી પરિવારના પૂજન-અર્ચન બાદ નીકળેલી પાલખીનાં દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. 216 વર્ષ જૂની પરંપરા જળવાતાં સમગ્ર શહેરમાં ભક્તિમય માહોલ છવાયો હતો. **(તસવીર : રણજીત સૂર્વે)**

નરસિંહજીનો ૨૮૯મો ઐતિહાસિક વરઘોડો દેવ દિવાળીએ નીકળશે

૨૪ નવેમ્બરે સવારે ચાંદલા વિધિ, સાંજે ચાંદીની પાલખીમાં નગરચર્યાએ નીકળશે ભગવાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

સંસ્કારી નગરી વડોદરામાં શ્રદ્ધા, પરંપરા અને માન્યતાના પ્રતિક સમાન નરસિંહજી મહારાજનો 289મો ઐતિહાસિક વરઘોડો દેવ દિવાળીના દિવસે મંગળવાર, 24 નવેમ્બર 2026ના રોજ ધામધૂમથી નીકળશે. નરસિંહજી મંદિર ટ્રસ્ટના શશિકાંત પરીખના જણાવ્યા અનુસાર, કાર્તક સુદ અગિયારસ નિમિત્તે વિવાહ સંપન્ન કરવાની વિધિ શરૂ થઈ છે, જ્યારે તુલસી સાથેના લગ્ન કાર્તક સુદ પૂર્ણિમાના દિવસે યોજાશે. દેવ દિવાળીના દિવસે સવારે 9:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી નરસિંહજી મંદિરમાં ઠાકોરજીની પરંપરાગત ચાંદલા વિધિ યોજાશે. સાંજના સમયે નરસિંહજી મંદિર નરસિંહજીની પોળ ખાતેથી ભગવાન ચાંદીની પાલખીમાં બિરાજમાન થઈને તુલસીજી સાથે લગ્ન કરવા માટે નગરચર્યાએ નીકળશે. આ વરઘોડો પરંપરાગત રીતે માંડવી દરવાજા નીચેથી પસાર થઈને શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરીને તુલસીવાડી મંદિર ખાતે પહોંચશે, જ્યાં માતા તુલસી સાથે વિધિવત લગ્ન વિધિ સંપન્ન થશે. જે રીતે અમદાવાદમાં રથયાત્રાનું વિશેષ મહત્વ છે, તે જ રીતે વડોદરા શહેરમાં નરસિંહજી મહારાજના વરઘોડાનું આગવું અને ઐતિહાસિક મહત્વ રહેલું છે.

નરસિંહજીના વરઘોડાના હોર્ડિંગ્સ મુદ્દે અધિકારીઓ અને કોર્પોરેટરો વચ્ચે વિવાદ

બાળુ શુક્લની દરમિયાનગીરી બાદ મામલો થાળે પડ્યો, હોર્ડિંગ્સ નહીં હટાવવાની અધિકારીએ મૌખિક ખાતરી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરામાં 289 વર્ષ જૂની ભગવાન નરસિંહજીના વરઘોડાની પરંપરા નિમિત્તે શુભેચ્છા હોર્ડિંગ્સ લગાવવાના મુદ્દે મનપાના અધિકારીઓ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે વિવાદ સર્જાયો હતો. સ્થાનિક



કોર્પોરેટર દિપીકાબેને હોર્ડિંગ્સ અંગે અધિકારી સુરેશ તુવરને જાણ કરતાં તેમણે સવારે હોર્ડિંગ્સ હટાવી લેવાની વાત કરી હતી. આથી વિવાદ વકરતાં વિધાનસભાના મુખ્ય દંડક અને ધારાસભ્ય બાળુ શુક્લ રાત્રે ચાર દરવાજા વિસ્તારમાં પહોંચ્યા હતા. અધિકારી સાથે ફોન પર ચર્ચા કર્યા બાદ હોર્ડિંગ્સ નહીં હટાવવાની મૌખિક ખાતરી મળતાં તેમની હાજરીમાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં હતાં. બાળુ શુક્લએ જણાવ્યું હતું કે 289 વર્ષ જૂની આ પરંપરામાં વિદેશથી પણ વડોદરાવાસીઓ આવે છે. ધાર્મિક આયોજનમાં હોર્ડિંગ્સ અંગે આવું વલણ યોગ્ય નથી. બીજી તરફ પૂર્વ કોર્પોરેટર વિજય પવારે પણ તંત્રની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી.

ધીરજ હોસ્પિટલમાં બનેલી ઘટનાને પગલે દર્દીઓમાં કુતુહલ

નવજાત પુત્રીની સારવાર વચ્ચે પ્રસૂતાનો આપઘાતનો પ્રયાસ, દાદરેથી લગાવી છલાંગ

પતિ સાથે થયેલા ઝઘડા બાદ રાત્રે ૧૨ વાગ્યે હોસ્પિટલના દાદરેથી કુદકો માર્યો, માથામાં ગંભીર ઈજા થતાં ICUમાં ખસેડાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વાઘોડિયાની ધીરજ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલી પ્રસૂતાએ હોસ્પિટલના દાદરેથી નીચે કુદકો મારી આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ હતી. નવજાત પુત્રી કુપોષિત હોવાથી તેને હોસ્પિટલમાં સારવાર માટે રાખવામાં આવી હતી. આ દરમિયાન પતિ સાથે થયેલા ઝઘડા બાદ મહિલાએ ઉશ્કેરાટમાં આવી આ પગલું ભર્યું હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

વાઘોડિયા તાલુકાના કોટંબી ગામના તળાવવાળા ફળિયામાં રહેતી કાજલબેનને ગત તા. 9 નવેમ્બરના રોજ પ્રસૂતિની પીડા ઉપડતાં ધીરજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. પ્રસૂતિ બાદ જન્મેલી પુત્રી કુપોષિત હોવાથી તેને પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવી હતી.

દરમિયાન હોસ્પિટલમાં કાજલબેન અને તેમના પતિ સહલભાઈ સુરેશભાઈ વલપરી વચ્ચે કોઈ અગમ્ય કારણોસર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ ઘટનાના થોડા સમય બાદ રાત્રિના આશરે 12 વાગ્યાના અરસામાં કાજલબેને હોસ્પિટલના દાદરેથી નીચે છલાંગ લગાવી હતી. અચાનક બનેલી આ ઘટનાથી હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી. નીચે પટકાતાં કાજલબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને તાત્કાલિક સઘન સારવાર વિભાગમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ અંગે વાઘોડિયા પોલીસે જાણવા જોગ નોંધ કરી છે.

શોરૂમ સંચાલક, બેંક કર્મચારી અને મહિલા એજન્ટની મિલીભગતથી લોન કૌભાંડ આચર્યું

બારોબાર લોન લઈ ફર્નિચર શોરૂમ સંચાલકે બેંકને રૂ.૨૨ લાખનો ચૂનો ચોપડ્યો

બનાવટી બિલો બનાવી નાણાં શોરૂમના ખાતામાં જમા કરાવ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા શહેરમાં ગ્રાહકોના નામે બારોબાર કન્ઝ્યુમર લોન મેળવી બેંક સાથે રૂ.22.03 લાખની છેતરપિંડી કરવાનું કૌભાંડ સામે આવ્યું છે. સમા રોડ પર આવેલા ભારત ફર્નિચર શોરૂમના સંચાલક, કોટક મહિન્દ્રા બેંકના કર્મચારી અને મહિલા એજન્ટે કથિત મિલીભગતથી ગ્રાહકોના દસ્તાવેજોનો ઉપયોગ કરી લોન મંજૂર કરાવી હતી. ફર્નિચર ખરીદીના નામે બનાવટી બિલો અપલોડ કરાયા હતા, પરંતુ ગ્રાહકોને કોઈ ડિલિવરી અપાઈ નહોતી. આ મામલે ફતેગંજ પોલીસે ત્રણ સામે ગુનો નોંધ્યો છે.

અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા બેંકના ગુજરાતના લીગલ મેનેજર મીહીર વિવેક પેંડસે (ઉં.વ.34)ની ફરિયાદ મુજબ, જુલાઈ-ઓગસ્ટ 2025માં બેંકની કલેક્શન ટીમને શંકાસ્પદ લોન વ્યવહારોની જાણ થતાં તપાસ શરૂ કરાઈ હતી. ભારત ફર્નિચરની માલિકી ફાતેમા અબ્બાસ બંદુકવાલાના નામે હતી અને સંચાલન તેમના પતિ અબ્બાસ હુસેનભાઈ કરતા હતા. બેંક સાથે વર્ષ 2020માં ડીલર કરાર થયો હતો.

બેંકના જુનિયર એસોસિયેટ અંકુરકુમાર વાળંદની શોરૂમમાં સેલ્સ ઓફિસર તરીકે નિમણૂક કરાઈ હતી. જ્યારે મહિલા એજન્ટ ફરજાનાબાનુ ઈલિયાસ ચૌહાણ રોકડની જરૂરિયાત ધરાવતી મહિલાઓને લોન અપાવવાના બહાને શોરૂમ અથવા પોતાના ઘરે લઈ જતી હતી. ત્યાં ગ્રાહકોના આધારકાર્ડ, પાનકાર્ડ, બેંક વિગતો અને ફોટોગ્રાફ મેળવી લોનની પ્રક્રિયા કરાતી હતી.

ફરિયાદ અનુસાર, બેંકના વેરિફિકેશન દરમિયાન ગ્રાહકોએ શું જવાબ આપવો તેની અગાઉથી સૂચના અપાતી હતી. ત્યારબાદ અબ્બાસ ગ્રાહકોના નામે બિલ બનાવતા અને અંકુર વાળંદ વાસ્તવિક કિંમત કરતાં વધુ રકમનાં બનાવટી બિલ બેંકની સિસ્ટમમાં અપલોડ કરતો હતો. તેના આધારે લોનની રકમ શોરૂમના ખાતામાં જમા થતી હતી. ગ્રાહકોને લોન રદ થઈ હોવાનું કહી ફર્નિચરની ડિલિવરી પણ અપાતી નહોતી. શરૂઆતના ત્રણ હપ્તા ભરાયા બાદ હપ્તા બાઉન્સ થતાં બેંકની તપાસમાં ગ્રાહકોને પોતાના નામે લોન હોવાની જાણ જ ન હોવાનું બહાર આવ્યું હતું. માર્ચ 2024થી એપ્રિલ 2025 દરમિયાન રૂ.22.03 લાખની છેતરપિંડી થયાનો આક્ષેપ છે. પોલીસે અબ્બાસ બંદુકવાલા, અંકુર વાળંદ અને ફરજાનાબાનુ ચૌહાણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તિજોરી પર માસિક રૂ. ૧.૨૫ કરોડનો બોજ

કોર્પોરેશનના કર્મચારીઓ-પેન્શનરો માટે ૬૩% મોંઘવારી ભથ્થું નક્કી

જુલાઈથી ઓક્ટોબર સુધીના ચાર મહિનાના તફાવત પેટે રૂ. ૫ કરોડના એરિયર્સની ચૂકવણી થશે, ૭મા પગાર પંચ મુજબ લાભ મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા મહાનગરપાલિકા દ્વારા કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકારના નાણાં વિભાગના પરિપત્રને અનુસરીને તા.1 જુલાઈ, 2026થી અમલી બને તે રીતે મોંઘવારી ભથ્થાનો દર મૂળ પગારના 63 ટકા નક્કી કરાયો છે. આ વધારાને કારણે મનપા પર દર મહિને અંદાજે રૂ.1.25 કરોડનો વધારાનો નાણાકીય બોજ પડશે. જ્યારે ચાર મહિનાના એરિયર્સ પેટે અંદાજે રૂ.5 કરોડની ચૂકવણી કરવામાં આવશે.

નવા નિર્ણય મુજબ કર્મચારીઓને નવેમ્બર 2026થી 63 ટકા લેખે મોંઘવારી ભથ્થું માસિક પગાર સાથે ચૂકવવામાં આવશે. જ્યારે જુલાઈથી ઓક્ટોબર 2026 સુધીના ચાર મહિનાના તફાવતની રકમ નવેમ્બર માસના પગાર સાથે ગણતરી કરીને ડિસેમ્બર મહિનામાં ચૂકવવામાં આવશે. પેન્શનરોને પણ નવેમ્બરથી વધારાનું મોંઘવારી ભથ્થું માસિક પેન્શન સાથે મળશે. અગાઉના ચાર મહિનાનો તફાવત પણ રોકડમાં ચૂકવવામાં આવશે. નિવૃત્ત તેમજ મૈયત કર્મચારીઓના એરિયર્સની ગણતરી સંબંધિત વિભાગ દ્વારા હિસાબી અને આઈટી શાખાના સંકલનમાં તૈયાર કરીને સીધી બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.

જોકે, રાજ્ય સરકારની નીતિ મુજબ સાતમા પગાર પંચ હેઠળ પગાર સુધારણાનો લાભ મેળવતા કર્મચારીઓ જ આ વધારાને પાત્ર રહેશે.

બાનાખત કરાવ્યું છતાં દુકાન ન મળી અને રૂપિયા પણ ગયા

વડોદરા જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રીના પુત્ર સામે વધુ એક ઠગાઈનો ગુનો દાખલ

પ્રધાનમંત્રી આવાસ યોજનાની દુકાન અપાવવાના નામે ગોત્રી વિસ્તારમાં રહેતા શિક્ષિકાને ઠગોએ રૂ.12 લાખનો ચુનો ચોપડ્યો

આપેલો ચેક બેંકમાં જમા કરાવતા બાઉન્સ થયો

દસ્તાવેજ માટે વારંવાર ઉઘરાણી કરવા છતાં કોઈ નક્કર જવાબ નહીં મળતાં શિક્ષિકાએ આખરે પોતાના રૂ.12 લાખ પરત માગ્યા હતા. ત્યારે જીલ બારોટે એચ્યુ સ્મોલ ફાઇનાન્સ બેંકનો રૂ.12 લાખનો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક બેંકમાં જમા કરાવતાં બાઉન્સ થયો હતો. આમ, દુકાન મેળવવાની આશાએ કરેલું રોકાણ પણ પરત નહીં મળતાં સંધ્યાબેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

સરકારી યોજનામાં દુકાન મળે તો ભાડાની આવક શરૂ થાય તેવી આશાએ શિક્ષિકાએ રૂ.12 લાખનું રોકાણ કર્યું, પરંતુ દુકાનના બદલે હાથમાં બાઉન્સ થયેલો ચેક આવતાં છેતરપિંડીનો ભોગ બન્યાનો આક્ષેપ કરતી ફરિયાદ પોલીસ મથકે પહોંચી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દુકાન અપાવવાના નામે 56 વર્ષીય શિક્ષિકા સાથે રૂ.12 લાખની કથિત છેતરપિંડીના આ બનાવમાં વડોદરા જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી રાકેશ જોષીના પુત્ર કશ્યપ જોષી સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે. સરકારી અધિકારી-કર્મચારી તરીકે ઓળખ આપીને વિશ્વાસમાં લીધા બાદ બાનાખત કરાવી નાણાં પડાવવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

ગોત્રી રોડ પર પંચામૃત સોસાયટી સામે શૈલી એપાર્ટમેન્ટમાં રહેતાં સંધ્યાબેન જાધવ વાસણા-ભાયલી રોડની બ્રાઇટ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. આશરે બે વર્ષ પહેલાં હરિનગર ચાર રસ્તા પાસે ગેરેજ ચલાવતા જીમી લુકાસના સંપર્કમાં તેઓ આવ્યાં હતાં. જીમીના ગેરેજ પર આવતા જીલ બારોટ સાથે તેમની ઓળખાણ કરાવવામાં આવી હતી. ત્યારબાદ જીલ બારોટે પોતે અને તેના મિત્રો સરકારી આવાસ યોજનામાં મકાન-દુકાન અપાવવાનું કામ કરતા હોવાનું જણાવી શિક્ષિકાનો વિશ્વાસ જીત્યો હતો.

આરોપીઓએ સુભાનપુરા હાઈટેન્શન રોડ પર ઝાંસી રેસિડેન્સી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાની દુકાન નંબર-4 બતાવી હતી. દુકાનની કિંમત રૂ.12 લાખ નક્કી થતાં સંધ્યાબેને બુકિંગ પેટે રૂ.2 લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ જીલ બારોટ અને કશ્યપ જોષીએ નોટરી સમક્ષ બાનાખત પણ કરાવી આપ્યું હતું. બાનાખત થતાં શિક્ષિકાને દુકાન મળવાની આશા બંધાઈ હતી.

જોકે, દુકાનના વેચાણ દસ્તાવેજના નામે સંધ્યાબેન પાસેથી સમયાંતરે ઓનલાઇન અને રોકડ નાણાં લેવામાં આવ્યાં હતાં. જીલ બારોટ, કશ્યપ જોષી અને રણવીરસિંહ સિંધાના બેંક ખાતામાં અલગ-અલગ તબક્કે રકમ જમા કરાવવામાં આવી હતી. આ ઉપરાંત રોકડ રકમ પણ લેવામાં આવી હતી. આમ, કુલ રૂ.12 લાખ ચૂકવ્યા બાદ પણ દુકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો નહોતો કે દુકાનનો કબજો સોંપવામાં આવ્યો નહોતો.આ મામલે જીલ અશોકકુમાર બારોટ, કશ્યપ રાકેશકુમાર જોષી અને રણવીરસિંહ સિંધા સામે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પૂર્વ ઝોનમાં રવિવારે એક કલાક વહેલું પાણી વિતરણ થશે

ગાજરાવાડી ટાંકી ખાતે સવારે ૯થી ૧ વીજ પુરવઠો બંધ રહેવાનો હોવાથી પાલિકાનો નિર્ણય

વાડી, રાવપુરા અને ભરતનગર સહિતના વિસ્તારોમાં સમયપત્રક બદલાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના પૂર્વ ઝોનમાં વસવાટ કરતા નાગરિકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. આવતીકાલે રવિવાર, તારીખ ૨૨ નવેમ્બરના રોજ પૂર્વ ઝોનના વિવિધ વિસ્તારોમાં પાણી વિતરણના નિયમિત સમયપત્રકમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગાજરાવાડી પાણીની ટાંકી ખાતે વીજ સમારકામ કે અન્ય ટેકનિકલ કારણોસર સવારે ૯ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. વીજ કાપને કારણે પાણી પુરવઠાની કામગીરી ખોરવાય નહીં તે હેતુથી વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગે વિતરણના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.

પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર વિગતો અનુસાર, ગાજરાવાડી ટાંકી ખાતેથી પાણી મેળવતા તમામ સંબંધિત વિસ્તારોમાં રવિવારે નિયમિત સમય કરતાં એક કલાક વહેલું પાણી વિતરણ કરવામાં આવશે. નવા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, ઝોન-૧ હેઠળ આવતા વાડી વિસ્તાર, નવજીવન તેમજ મેમણ કોલોનીમાં સવારે ૫:૦૦ વાગ્યાથી ૫:૪૫ વાગ્યા સુધી પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. તેવી જ રીતે, ઝોન-૨ના ભરતનગર તથા રાજમહેલ રોડ વિસ્તારના રહીશોને સવારે ૫:૪૫ વાગ્યાથી ૬:૩૦ વાગ્યા સુધી પાણી મળશે. આ ઉપરાંત ઝોન-૩માં સમાવિષ્ટ રાવપુરા, કિશનવાડી તથા નવગ્રહ મંદિર વિસ્તારમાં સવારે ૬:૩૦ વાગ્યાથી ૭:૦૦ વાગ્યા સુધી પાણી વિતરણ કરવામાં આવશે.

GETCOની કેબલ કામગીરી દરમિયાન લાઈન તૂટ્યાનો આક્ષેપ

કરોડિયા રોડ પર તંત્રના સંકલનના અભાવે કરોડોનો ધુમાડો, નવી પાણીની લાઈનને નુકસાન

સ્થાનિકોને પાણીની હાલાકીની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

શહેરના કરોડિયા ગામના મુખ્ય રોડ પર સરકારી તંત્રના વિવિધ વિભાગો વચ્ચે સંકલનના અભાવનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કરોડો રૂપિયાના માતબર ખર્ચે તાજેતરમાં જ નાખવામાં આવેલી નવી પાણીની લાઈનને GETCO દ્વારા ઈલેક્ટ્રિક કેબલ નાખવાની કામગીરી દરમિયાન ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. એક વિભાગ દ્વારા કરવામાં આવેલી કરોડોની કામગીરી પર બીજા વિભાગે ખોદકામ કરીને પાણી ફેરવી દેતા પ્રજાના પરસેવાની કમાણીના નાણાંનો સરેઆમ બગાડ થતો હોવાની લાગણી સ્થાનિકોમાં પ્રબળ બની છે.

સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર, કરોડિયા મુખ્ય રોડ પર પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે કરોડો રૂપિયાના ખર્ચે નવી પાણીની લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જોકે, આ કામગીરી પૂર્ણ થયાના ટૂંકા ગાળામાં જ GETCO દ્વારા આ જ માર્ગ પર ભૂગર્ભ ઈલેક્ટ્રિક કેબલ નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ખોદકામ દરમિયાન યોગ્ય તકેદારી ન રાખવાને કારણે તેમજ અગાઉથી નખાયેલી પાણીની લાઈનના નકશા કે ઊંડાઈ અંગે કોઈ સંકલન ન સાધવાને કારણે નવી નખાયેલી પાણીની લાઈન તૂટી ગઈ છે અને તેને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

આ સમગ્ર મામલે સૌથી મોટો પ્રશ્ન સરકારી વિભાગો વચ્ચેના સંકલનને લઈને ઉભો થયો છે. શહેરમાં જ્યારે પણ કોઈ રોડ પર નવી લાઈન નાખવાની કે ખોદકામ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે, ત્યારે સંબંધિત તમામ વિભાગોએ એકબીજા સાથે સંકલનમાં રહીને કામ કરવાનું હોય છે. પરંતુ કરોડિયા રોડ પર જે રીતે એક વિભાગે કરોડોના ખર્ચે સુવિધા ઉભી કરી અને બીજા વિભાગે તેને તોડી પાડી, તે તંત્રની અણઆવડત અને બેદરકારીની ચાડી ખાય છે. આ બેદરકારીના કારણે હવે સમારકામ પાછળ ફરીથી લાખો રૂપિયાનો વધારાનો ખર્ચ કરવો પડશે, જે અંતે તો સામાન્ય કરદાતાઓના ખિસ્સા પર જ ભારણ વધારશે. બીજી તરફ, પાણીની મુખ્ય લાઈનને નુકસાન થવાને કારણે આગામી દિવસોમાં કરોડિયા ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા હજારો નાગરિકોને પાણીની તીવ્ર અછત અને અનિયમિત પુરવઠાની ગંભીર હાલાકી ભોગવવાનો વારો આવી શકે છે.

ઠંડીનો ચમકારો પારો ૪.૩ ગગડીને ૧૩.૪ ડિગ્રી નોંધાયું

વહેલી સવારે અને મોડી રાત્રે કૂલગુલાબી ઠંડીનો અનુભવ

આકાશ વાદળછાયું રહેવાની હવામાન વિભાગની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા શહેરમાં શિયાળાની ઋતુએ ધીમે ધીમે પોતાની અસર બતાવવાનું શરૂ કરી દીધું છે અને ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. આજે શહેરનું લઘુત્તમ તાપમાન ગગડીને 13.4 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જે સામાન્ય તાપમાન કરતાં 4.3 ડિગ્રી જેટલું નીચું નોંધાયું છે.

રાત્રિના તાપમાનમાં થયેલા આ નોંધપાત્ર ઘટાડાને કારણે વહેલી સવારે અને મોડી રાત્રે શહેરીજનોને કૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ, દિવસ દરમિયાન શહેરનું મહત્તમ તાપમાન 32.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 1.5 ડિગ્રી નીચું રહ્યું હતું. તાપમાનમાં ફેરફારની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ બદલાતું જોવા મળ્યું હતું, જેમાં સવારે ભેજનું પ્રમાણ 65 ટકા અને સાંજે ઘટીને 41 ટકા જેટલું નોંધાયું હતું. ઠંડીની શરૂઆત થતા જ સવારના સમયે ગાર્ડન અને ખુલ્લા મેદાનોમાં મોર્નિંગ વોક માટે નીકળતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સપ્તાહ દરમિયાન શહેરનું આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે. જોકે, આગામી તા. 23મી નવેમ્બરના રોજ વાતાવરણમાં થોડો પલટો આવતા અંશતઃ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી દિવસોમાં ઠંડીમાં સામાન્ય ઘટાડો થવાની શક્યતા છે.

દેવઉઠી એકાદશી અને તુલસી વિવાહના શુભ અવસરે ભૂમિપૂજન

પાલિકાની પ્રથમ મેજર ગ્રીન બિલ્ડિંગ નવાપુરા કેવડાબાગમાં આકાર લેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની કામગીરી સુવ્યવસ્થિત બને અને નાગરિકોને એક જ સ્થળે અત્યાધુનિક સુવિધાઓ મળી રહે તે હેતુથી નવાપુરા કેવડાબાગ ખાતે નવી મેજર સબ-ઓફિસનું નિર્માણ કરવામાં આવશે. દેવઉઠી એકાદશી અને તુલસી વિવાહના પાવન અવસરે વોર્ડ નંબર ૧૩ સ્થિત વોર્ડ કચેરીની બાજુના ગ્રાઉન્ડમાં મેયરના હસ્તે વિધિવત ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ૧૨૦ વર્ષ જૂના ખંડેરાવ માર્કેટમાં જગ્યાની અછત નિવારવા આ પ્રોજેક્ટ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.



આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ભાજપ શહેર અધ્યક્ષ ડોક્ટર જયપ્રકાશ સોની સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરે જણાવ્યું હતું કે ૩૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી આ સાત માળની કચેરી પાલિકાની પ્રથમ મેજર ગ્રીન બિલ્ડિંગ હશે, જે લીડ પ્લેટિનિયમ ડિઝાઇન મુજબ ઉર્જા બચત અને પર્યાવરણને અનુકૂળ બનશે.

અગાઉ સાત વિભાગોને ખસેડવાનું આયોજન હતું, પરંતુ હવે ખંડેરાવ માર્કેટ અને શહેરમાં ફેલાયેલા કુલ ૧૩ વિભાગો અહીં સ્થળાંતરિત કરાશે. તેમાં જન્મ-મરણ નોંધણી, મેરેજ રજીસ્ટ્રેશન, એસપીવી તેમજ એન્જિનિયરિંગ અને વહીવટી વિભાગોનો સમાવેશ થાય છે. જન્મ-મરણ વિભાગમાં થતી ભીડને ધ્યાનમાં રાખીને નાગરિકોને ડિજિટલ માધ્યમથી ઝડપી સેવાઓ મળે તેવી પ્રાથમિકતા અપાશે.

બિલ્ડિંગમાં બેસમેન્ટ સહિત એકસાથે ૨૦૦થી સવા બસો વાહનો પાર્ક થઈ શકે તેવી સુવિધા અને પાવર બેકઅપ સાથે ચાર લિફ્ટ રહેશે. પ્રોજેક્ટની સમયમર્યાદા બે વર્ષની છે, પરંતુ એક વર્ષ સાત-આઠ મહિનામાં કામગીરી પૂર્ણ કરી વર્ષ ૨૦૨૮માં લોકાર્પણ કરવાનો લક્ષ્યાંક છે. ઉપરાંત, આગામી સમયમાં પાલિકાની મુખ્ય કચેરી માટે ૧૪થી ૧૫ માળની નવી ઈમ